Friday
13.03.2026
*Volume :10 * Issue No.245
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત  વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગુજરાત સરકારે અમદાવાદ અને સુરત મેટ્રો માટે કુલ ૩૪ અત્યાધુનિક ટ્રેનસેટ્સનો ઓર્ડર આપ્યો, અમદાવાદ મેટ્રો ફેઝ-૨ માટે વધુ ૧૦ ટ્રેનસેટ્સ

કમલમ્, ગાંધીનગર

ગુજરાત સરકારે ૩૪ અત્યાધુનિક મેટ્રો ટ્રેનસેટ્સ માટે ઓર્ડર આપ્યો છે, જેમાં અમદાવાદ મેટ્રો ફેઝ-II માટે ૧૦ ટ્રેનસેટ અને સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટનો સમાવેશ થાય છે. આ ટ્રેનો કોલકાતામાં ટીટાગઢની અદ્યતન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ખાતે બનાવવામાં આવી રહી છે, જે હાઈ-ટેક અર્બન મોબિલિટી સોલ્યુશન્સ ક્ષેત્રે ભારતની વધતી જતી આત્મનિર્ભરતા દર્શાવે છે. આ પહેલ ગુજરાતમાં જાહેર પરિવહન સુવિધાઓને તો મજબૂત કરશે જ, સાથે-સાથે દેશની ઉત્પાદન ક્ષમતાઓને પણ ઉજાગર કરશે. આ પહેલ રોજગાર અને કૌશલ્ય વિકાસની તકો પેદા કરશે તેમજ તેના થકી વિદેશી હૂંડિયામણની પણ બચત થશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં મેટ્રો ટ્રેન શરૂ કરવાનું સ્વપ્ન સેવ્યું હતું, અને તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં અમદાવાદ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા. આજે તેમના સુદ્રઢ માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ ફેઝ-૧ અને ફેઝ-૨ સફળતાપૂર્વક શરૂ કરવામાં આવ્યા છે, અને અમદાવાદ-ગાંધીનગરના લાખો નાગરિકો મેટ્રો ટ્રેનનો લાભ મેળવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ આજે રાજ્ય શહેરી પરિવહન માળખાને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યું છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૨ હેઠળ અમદાવાદ-ગાંધીનગર કોરિડોરમાં, ૬૮.૨ કિમી મેટ્રો નેટવર્ક પહેલેથી જ કાર્યરત છે, જેમાં હાલમાં ૩૨ ટ્રેનસેટ્સ સેવામાં છે. તેમાં વધુ ૧૦ ટ્રેનસેટ્સનો ઉમેરો થવાથી મુસાફરોના પરિવહન માટે ટ્રેનની ફ્રીક્વન્સી વધી જશે, ટ્રેનો માટે રાહ જોવાનો સમય ઘટશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળશે. હાલમાં, સુરત ખાતે ૪૦.૩ કિમી લાંબા મેટ્રો રેલ નેટવર્કનું બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે. સુરત મેટ્રો માટે ૨૪ ટ્રેનસેટ્સનો ઓર્ડર આપવામાં આવ્યો છે, જે પૂર્ણ થયે સુરત શહેર ટકાઉ શહેરી પરિવહનના મજબૂત વિસ્તરણનું સાક્ષી બનશે. આ વિકાસ પરિવહન સુવિધાને સરળ બનાવશે, ભીડમાં ઘટાડો કરશે અને સુરતની વધતી જતી શહેરી વસ્તી માટે લાભકારી બનશે. ગુજરાત રાજ્યમાં હાલમાં મેટ્રો રેલ નેટવર્ક ૧૦૮ કિમી સુધી વિસ્તરેલું છે, અને આગામી વર્ષોમાં ૧૯૦ કિમી સુધી તેનું વિસ્તરણ થવાનો અંદાજ છે. તેમાં ૬.૦૪ કિમીની અગાઉથી આયોજિત એરપોર્ટ લાઈનનો પણ સમાવેશ થાય છે, જે કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે. વધુમાં, રાજકોટ અને વડોદરા જેવા અન્ય મુખ્ય શહેરોમાં પણ મેટ્રો રેલ સેવાઓનું વિસ્તરણ કરવા માટેની દરખાસ્તો વિચારણા હેઠળ છે, જેથી રાજ્યભરમાં આધુનિક, કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ પરિવહનના લાભો વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય. ગુજરાતમાં નવી મેટ્રો સિસ્ટમ્સ અત્યાધુનિક ડ્રાઈવરલેસ (ડ્રાઈવર વગરની) ટેક્નોલોજીથી સજ્જ હશે, જે સમયપાલકતા, સલામતી અને ઊર્જા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ ટ્રેનોમાં રિયલ-ટાઈમ મોનિટરિંગ અને ઓટોમેટેડ બ્રેકિંગ સિસ્ટમ્સ, ઓપ્ટિમાઈઝ્ડ સ્પીડ પ્રોફાઈલ્સ અને ઈન્ટેલિજન્ટ ફોલ્ટ ડાયગ્નોસ્ટિક્સ હશે, જે વિશ્વસનીય કામગીરીની ગેરંટી આપે છે. વધુમાં, સીસીટીવી સર્વેલન્સ, ફાયર ડિટેક્શન સિસ્ટમ્સ, ફેઈલ-સેફ ડોર ઓપરેશન્સ અને ઓબ્સ્ટેકલ ડિટેક્શન એટલે કે અવરોધોને શોધવા માટેની પદ્ધતિઓ જેવા મુસાફરો-કેન્દ્રિત સુધારાઓ મુસાફરોને સુરક્ષિત અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે. આ નવીન વિશેષતાઓ ગુજરાતની મેટ્રો ટ્રેનોને આધુનિક, સ્માર્ટ અને ટકાઉ શહેરી પરિવહનના મોડેલ તરીકે સ્થાપિત કરશે. એક્સપ્રેસવેથી લઈને હાઈ-સ્પીડ રેલ સુધી, ગુજરાત ભારતના પરિવહન માળખાના વિકાસમાં સતત અગ્રેસર રહ્યું છે. ગુજરાતનો આગામી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, દાહોદ ખાતે ભારતનું પ્રથમ 9000 HP લોકોમોટિવ એન્જિનનું ઉત્પાદન કરતી ફેક્ટરી, અને નમો ભારત ટ્રેનો તેના મજબૂત ઉદાહરણો છે.

ગુજરાતના મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ સમયસર અમલીકરણ, તકનીકી નવીનીકરણ અને ટકાઉ શહેરી વિકાસ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું શાનદાર ઉદાહરણ છે. ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વિકાસ દ્વારા ગુજરાત આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ કરવાના વડાપ્રધાનશ્રીના વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન નોંધાવી રહ્યું છે.



# સાબરકાંઠાના સલાલ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કનું ઉદ્ઘાટન કર્યું

ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કની મુલાકાત લઇ પાર્કના ભૌગોલિક અને ખગોળશાસ્ત્રીય મહત્વ વિશે જાણકારી મેળવતા મુખ્યમંત્રીશ્રી







અંદાજિત રૂપિયા ૮ કરોડના ખર્ચે ૫,૯૩૦ ચોરસ મીટરના વિસ્તારમાં ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવવામાં આવ્યો

કમલમ્,

સાબરકાંઠા જિલ્લાના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત લોકાર્પણ પ્રસંગે પધારેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સાબરકાંઠાના સલાલ ખાતે ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા તેમજ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કની મુલાકાત લઈ પાર્કના ભૌગોલિક અને ખગોળશાસ્ત્રીય મહત્વ વિશે જાણકારી મેળવીને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) એ કર્કવૃત્તના વૈજ્ઞાનિક મહત્વ વિશે જાગૃતિ અને સમજણ લાવવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો અને સામાન્ય નાગરિકો માટે તેને એક મહત્વપૂર્ણ શૈક્ષણિક અને સંશોધન બિંદુ તરીકે વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે ટ્રોપિક ઓફ કેન્સર (TOC) સાયન્સ પાર્ક વિકસાવ્યો છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર હાઈવે પર સલાલ ખાતે અંદાજિત રૂપિયા ૮ કરોડના ખર્ચે ૫,૯૩૦ ચોરસ મીટરના વિસ્તારમાં ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્ક વિકસાવવામાં આવ્યો છે, જે સ્થાન પરથી કર્કવૃત્ત પસાર થાય છે. આ પાર્કની કલ્પના કર્કવૃત્તના ભૌગોલિક અને ખગોળશાસ્ત્રીય મહત્વને પ્રકાશિત કરવા અને મુલાકાતીઓને પૃથ્વી-સૂર્ય સંબંધો, ઋતુગત ફેરફારો અને સંબંધિત વૈજ્ઞાનિક ઘટનાઓને સમજવાની આકર્ષક તકો પૂરી પાડવા માટે કરવામાં આવી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ પર સ્થિત હોવાથી, ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્ક તમામ મુલાકાતીઓ માટે વૈજ્ઞાનિક શિક્ષણ, વિજ્ઞાન પર્યટનના કેન્દ્ર તરીકે સેવા આપશે. પેન્જજી દ્વારા તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ટ્રોપિક ઓફ સાયન્સ પાર્કની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. સાયન્સ પાર્ક આવતીકાલથી સવારે ૯:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધી તમામ મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે. આ તકે ટ્રોપિક ઓફ કેન્સર સાયન્સ પાર્કના પ્રાંગણમાં મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી (IAS), સાબરકાંઠાના કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ (IAS), જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અને GUJCOST ના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ધારાસભ્યશ્રીઓ સાથે એક કદમ યોગમય વિધાનસભા તરફ કાર્યક્રમ યોજાયો



કમલમ્,

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નવા MLA આવાસ, ગાંધીનગર ખાતે રાજ્યના ધારાસભ્યશ્રીઓ માટે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં એક વિશેષ યોગ સંવાદ કાર્યક્રમ "એક કદમ યોગમય વિધાનસભા તરફ" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ "સ્વસ્થ ગુજરાત - મેદસ્વીતા મુક્ત ગુજરાત" અભિયાનના એક મહત્વપૂર્ણ ભાગરૂપે યોજાયો હતો, જેનો મુખ્ય હેતુ 'વિકસિત ગુજરાત, વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે લોકપ્રતિનિધિઓના માધ્યમથી યોગને જન-આંદોલન બનાવવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં વધતી જતી ઓબેસિટી -મેદસ્વીતા સામે ચિંતા વ્યક્ત કરી હતી. આ ચિંતાને ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિધાનસભા સત્રમાં ચાલુ વર્ષને 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વીતા મુક્ત ગુજરાત' અભિયાન તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં અને રમતગમત મંત્રી શ્રી જયરામભાઈ ગામિતના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શીશપાલની આગેવાનીમાં ઉત્સાહ પૂર્વક સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. વધુમાં 'એક કદમ યોગમય વિધાનસભા તરફ' કાર્યક્રમ થકી રાજ્યના સર્વે ધારાસભ્યશ્રીઓ પોતાના મતવિસ્તારમાં 'એક બૂથ, એક યોગ ક્લાસ'ના અભિગમ સાથે યોગનો વ્યાપ વધારે અને પોતાની વિધાનસભાને 'યોગમય વિધાનસભા' તરીકે પ્રસ્થાપિત થાય તે દિશામાં આગળ વધવાનું છે. મેદસ્વીતા મુક્ત ગુજરાતઃ યોગ કેવળ કસરત નથી, પણ જીવન જીવવાની પદ્ધતિ છે. સાત્વિક આહાર અને યોગ દ્વારા નાગરિકોને મેદસ્વીતા અને તેનાથી થતા રોગોથી મુક્ત કરી વિકસિત ગુજરાતના ઘડતરમાં સહભાગી બનવા આપણે સૌએ પ્રયત્ન કરવો પડશે તો જ સારા પરિણામ આવશે. 'સ્વસ્થ મન અને સ્વસ્થ તન' સાથે રાજ્યની વિકાસયાત્રા વધુ આગળ વધશે. અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ નાગરિકોને યોગ સાથે જોડવાની યોગ બોર્ડની સફળતાને ધારાસભ્યશ્રીઓના સહયોગથી પાંચ કરોડ નાગરિકો સુધી પહોંચાડીને વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાતની ભૂમિકા અગ્રેસર બનાવવાના ઉમદા હેતુથી આ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે તેમ, રાજ્ય યોગ બોર્ડ દ્વારા જણાવાયું હતું.

# સાબરકાંઠાના નવલપુર ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાને રૂ. ૭૨ કરોડના ૧૯૯૯ વિકાસકામોની ભેટ ધરી

સાબરકાંઠાને આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ કામગીરી માટે પ્રતિષ્ઠિત 'સ્કોચ એવોર્ડ'ની સિદ્ધિ બદલ જિલ્લાને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રી

**મુખ્યમંત્રીશ્રી**

- ગુજરાત સરકાર પાસે વિકાસના કામો માટે નાણાંની કોઈ કમી નથી
- સરકારી કામને પોતાનું સમજીને કરવામાં આવે તો તેની ગુણવત્તા અને આયુષ્ય આપોઆપ વધી જાય છે
- નવલપુર ગામને મહિલા સશક્તીકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાવ્યું



કમલમ્, સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના વિકાસમાં એક નવું સોપાન ઉમેરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે તલોદ તાલુકાના આદર્શ ગામ નવલપુર ખાતેથી અંદાજે રૂ. ૭૨ કરોડના કુલ ૧૯૯૯ જેટલા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સાથો સાથ મુખ્યમંત્રીશ્રીએ નવલપુર ગ્રામ પંચાયતના નવા બિલ્ડીંગ તેમજ ગામના અમૃત સરોવર સ્થિત સરદાર પટેલના પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર પાસે વિકાસના કામો માટે નાણાંની કોઈ કમી નથી અને સરકાર છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવા મન મૂકીને ખર્ચ કરી રહી છે. તેમણે અધિકારીઓ અને નાગરિકોને આહ્વાન કર્યું હતું કે સરકારી કામને પોતાનું સમજીને કરવામાં આવે તો તેની ગુણવત્તા અને આયુષ્ય આપોઆપ વધી જાય છે. મુખ્યમંત્રીશ્રીએ નવલપુર ગામને ગ્રામીણ વિકાસનું ઉત્તમ ઉદાહરણ ગણાવતા જણાવ્યું કે, આ ગામમાં સરપંચથી લઈને તમામ સભ્યો મહિલાઓ છે, જે મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. નવલપુરે 'સમરસ ગામ'ના વિચારને ચરિતાર્થ કરવાની સાથે પાણીના મીટર જેવી આધુનિક સુવિધાઓ અને ૧૦૦% સોલાર સિસ્ટમ અપનાવીને દેશને નવી રાહ ચીંધી છે. મુખ્યમંત્રીશ્રીએ સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી કર્કવૃત્ત રેખાના ભૌગોલિક મહત્વને વૈશ્વિક ઓળખ આપવા માટે રૂ. ૮ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન 'સાયન્સ પાર્ક'નું લોકાર્પણ કર્યું હતું. ૧.૫ એકરમાં ફેલાયેલા આ પાર્કમાં ટ્રોપિક ઓફ કેન્સર ટાવર, સનડાયલ અને ઈનફોગ્રાફિક એક્ઝિબિશન હોલ જેવી સુવિધાઓ છે, જે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવશે, એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. શિક્ષણ ક્ષેત્રે 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના'ની સફળતાના કારણે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં ૧૯% નો વધારો થયો હોવાનું પણ મુખ્યમંત્રીશ્રીએ નોંધ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ઓછું વજન ધરાવતી સગર્ભા માતાઓ માટેના 'લાલન-પાલન' કાર્યક્રમ અને બાળકોમાં ટાઈપ-૧ ડાયાબિટીસ નિયંત્રણ માટેની કામગીરીની પણ સરાહના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આરોગ્ય ક્ષેત્રની આ બંને પહેલોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રતિષ્ઠિત 'સ્કોચ એવોર્ડ' એનાયત થયો છે, જે જિલ્લા માટે ગૌરવની બાબત છે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ અવસરે નવલપુરને 'સમરસ, સ્વચ્છ અને સોલર' ગામ તરીકે બિરદાવતા જણાવ્યું હતું કે, આ ગામે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને ચરિતાર્થ કર્યું છે. તેમણે રૂ. ૮ કરોડના ખર્ચે નિર્મિત સાયન્સ પાર્કને આવનારી પેઢી માટે વિજ્ઞાનનું જીવંત કેન્દ્ર ગણાવ્યું હતું, જે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં મદદરૂપ થશે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે રાજ્ય સરકાર છેવાડાના બાળકો સુધી શ્રેષ્ઠ શિક્ષણ પહોંચાડવા કટિબદ્ધ છે અને જિલ્લામાં રૂ. ૫૧૮ લાખના ખર્ચે ૨૬ નવીન વર્ગખંડોનું નિર્માણ એ દિશાનું મક્કમ પગલું છે. તેમણે નાગરિકોને સરકારી મિલકતને પોતાની મિલકત સમજીને તેની જાળવણી કરવા પણ વિશેષ અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલે નવલપુર ગામના આંગણે મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સરકારના સાથ અને જનભાગીદારીના કારણે જ નવલપુર આજે વિકાસનું મોડેલ બની શક્યું છે. તેમણે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વિવિધ વિકાસ કામો માટે મન મૂકીને ગ્રાન્ટ ફાળવવા બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ગર્વ સાથે નોંધ્યું હતું કે નવલપુર આજે સાબિત કરી રહ્યું છે કે જ્યારે સમાજ અને સરકાર સાથે મળીને કાર્ય કરે છે ત્યારે કેવા શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત થઈ શકે છે. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમારે નવલપુરની સિદ્ધિઓને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નવલપુરે ગોબર બેંક બનાવીને અને ૧૦૦% સોલાર સિસ્ટમ અપનાવીને એક આદર્શ ગામનું નિર્માણ કર્યું છે. વધુમાં તેમણે તલોદ બસ ડેપોના વર્ષો જૂના પ્રશ્નનો સુખદ ઉકેલ લાવી નવા ડેપોના લોકાર્પણ બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો હતો અને ગામની સ્વચ્છતા માટે હાથ ધરવામાં આવેલા વ્યવસ્થિત આયોજનની સરાહના કરી હતી. હિંમતનગરના ધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૧ થી મોદી યુગમાં વિકાસ કામો માટે ગ્રાન્ટની ક્યારેય અછત રહી નથી. તેમણે સરકારની ખેડૂતલક્ષી અભિગમની પ્રશંસા કરતા કહ્યું કે ચોમાસામાં થયેલા નુકસાન સામે રાહત પેકેજ આપી સરકારે ફરી એકવાર સાબિત કર્યું છે કે તે ખેડૂતોની પડખે છે. સુજલામ સુફલામ યોજનાના કારણે જિલ્લામા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો છે અને સમગ્ર સાબરકાંઠા જિલ્લો હરિયાળો બન્યો છે તેવું તેમણે ગૌરવ સાથે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે કુલ ૧૯૯૯ જેટલા કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેમાં વાહન વ્યવહાર વિભાગના રૂ. ૧૩૯૦ લાખના કામો અને સામાન્ય વહીવટ વિભાગના રૂ. ૩૬૬૭ લાખના કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને પ્રાંતિજના પ્રાંત અધિકારી સુશ્રી આયુષી જૈને આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, રાજ્ય નાણાપંચના સભ્ય શ્રી જે. ડી. પટેલ, અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ અને નિવાસી અધિક કલેક્ટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે ઉદભ્વતા વર્તમાન સંજોગોમાં સમગ્ર રાજ્યમા LPG સિલિન્ડરોના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો તથા મોનિટરીગ કરવામાં આવી રહેલ છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઉપલબ્ધ LPG સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. એમ રાજ્યના અન્ન નાગરિકપુરવઠા વિભાગની યાદીમાં જણાવાયુ છે. ગુજરાત રાજ્યમાં ૩૦% ઘરેલુ ગેસ PNG GAS PIPELINE મારફત પૂરો પાડવામાં આવે છે. PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાત રાજ્યની પરિસ્થિત વધારે સારી છે. રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એકજ ગ્રાહકદ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકીંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાંઆવેલ છે. આ નિર્ણયના લીધે લોકોમાં અનાવશ્યક તણાવ તેમજ એલ.પી.જી સંગ્રહ ન કરવામાં આવે તેવો મુખ્ય ઉદેશ છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હાલ કોર્મશિયલ સિલિન્ડરનુંવેચાણ નિયંત્રિત કરવામાં આવેલ છે. પરંતુ હોસ્પિટલ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ તેમની જરૂરીયાત મુજબ એલ.પી.જી ફાળવણી ચાલુ રાખવામાં આવેલ છે. પરંતુ, એલ.પી.જીનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ તથા નિયત કરેલ કીમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશયક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ તથા એલ.પી.જી કંટ્રોલ ઓડર-૨૦૦૦ મુજબ કાયદાકીય રીતે ગુનો બને છે. તથા આવી પ્રવૃતિ કરનાર સામે રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા ફોજદારી પગલા પણ લેવાની જોગવાઈ છે.

# રાજયના શ્રમિકોની સામાજિક સુરક્ષા અને કૌશલ્ય વૃદ્ધિને સમર્પિત રાજયનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ: શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજી બાવળિયા

## 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ': ગુજરાતના શ્રમિકો અને યુવાનોના સર્વાંગી ઉત્કર્ષ માટે સરકારનું મક્કમ કદમ



કમલમ્,

વિધાનસભા ખાતે શ્રમ, કૌશલ્યવિકાસ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે રાજ્યનુંવર્ષ ૨૦૨૬-૨૭નુંબજેટ 'વિકસિત ગુજરાત' થી 'વિકસિત ભારત' નાલક્ષ્યને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણસીમાચિહ્ન છે. ખાસ કરીને, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ. ૨,૯૦૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શ્રમમંત્રીએ કહ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારદ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ. ૪,૦૮,૦૫૩ કરોડનું ઐતિહાસિક અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. વિકસિત ગુજરાત @૨૦૪૭ના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે વર્ષ ૨૦૩૦ સુધીમાં વધારાના આશરે ૧ કરોડ કુશળ માનવબળની જરૂરિયાતને પહોંચી વળવા તેમજ હાલના માનવબળના સ્કિલિંગ, રિસ્કિલિંગ અનેઅપસ્કિલિંગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા તેમજ શ્રમયોગીઓની સામાજિક સુરક્ષા અને કલ્યાણ પર આ વર્ષનુ બજેટ સમર્પિત હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું કે ગુજરાત આજે દેશમાં આર્થિક વિકાસનું મોડેલ રાજ્ય છે. ભારત સરકારના પીરીયોડિક લેબરફોર્સ સર્વે (PLFS) મુજબ, દેશના સરેરાશ ૩.૨ ટકા બેરોજગારી દરની સામે ગુજરાતમાં આ દર માત્ર ૧.૧ ટકાજેટલો નીચો છે, જે સરકારના અસરકારક પ્રયાસો દર્શાવે છે.

વધુમાં, મહિલા શ્રમિકોની ભાગીદારીમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે અને પુરુષ શ્રમિકોની ભાગીદારીમાં પ્રથમ ક્રમે છે. શ્રમિકોના હિતમાં લેવાયેલા ઐતિહાસિક નિર્ણયોની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્યમાં ૨૯ શ્રમ કાયદાઓને એકીકૃત કરી ૪ નવી શ્રમ સંહિતાઓ (Labor Codes) તા. ૨૧/૧૧/૨૦૨૫ થી અમલી બનાવવામાં આવી છે. આ સુધારાઓથી શ્રમિકોના અધિકારોનું રક્ષણ થશે અને ઉદ્યોગો માટે 'Ease of Doing Business' માં વધારો થશે. તેમણે કહ્યું કે શ્રમયોગીઓના કલ્યાણ માટે કાર્યરત વિવિધ બોર્ડ દ્વારા અનેક યોજનાઓ અમલી છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ ૧૧.૪૦ લાખથી વધુ શ્રમિકો નોંધાયેલા છે. શ્રમ મંત્રીએ કહ્યું કે બાંધકામ શ્રમિકોને આરોગ્યસુવિધા પૂરી પાડતા 'ધન્વંતરિ આરોગ્ય રથ'ની સંખ્યા આગામી વર્ષે ૫૦૦ સુધી લઈ જવાનું લક્ષ્ય છે. આ માટે રૂ. ૬૦ કરોડ ફાળવાયા છે. જ્યારે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ માત્ર રૂ. ૫માં પૌષ્ટિક ભોજન પૂરું પાડવા માટે નવાં ૩૦૦ કેન્દ્રો ઉમેરવા રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના યુવાધનને તાલીમબદ્ધ કરવા માટે 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' હેઠળ રૂ. ૨૨૬ કરોડ અને ITI ના અપગ્રેડેશન માટે 'પી.એમ. સેતુ' યોજના હેઠળ રૂ. ૨૦૦કરોડ ફાળવવામાંઆવ્યા છે તેમ તેમણે ઉમેર્યુંહતુ. આ જ રીતે, દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા 'નમો કૌશલ્ય લક્ષ્મી યોજના' હેઠળ ITIમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને રૂ. ૧૫,૦૦૦ થી ૨૪,૦૦૦ ની સહાય માટે રૂ. ૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ સિવાય, અંદાજપત્રમાં શ્રમ અને રોજગાર વિભાગની અન્ય મહત્ત્વની બાબતો અને મુખ્ય મુદ્દાઓ નીચે મુજબછે:

- બજેટ ફાળવણી: શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ. ૨,૯૦૨ કરોડની જોગવાઈ
- 'ઈ-શ્રમ' પોર્ટલ: રાજ્યમાં ૧.૨૩ કરોડથી વધુ અસંગઠિત શ્રમયોગીઓની 'ઈ-શ્રમ' પોર્ટલ પર નોંધણી
- મહિલા ઉત્કર્ષ: મહિલા બાંધકામ શ્રમિકો માટે રૂ. ૩૭,૫૦૦ની પ્રસૂતિ સહાય યોજના
- સિલિકોસીસ પીડિતોને સહાય: અકીક અને પથ્થરના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમિકોને ગંભીર સિલિકોસીસ રોગની સારવાર માટે રૂ. ૩ લાખ અને મૃત્યુના કિસ્સામાં વારસદારોને રૂ. ૪ લાખ ની સહાય આપવાની જોગવાઈ
- અગરીયાઓ માટે આવાસ: કામના સ્થળે વિષમ પરિસ્થિતિમાં રહેતા ૨૫૦૦ મીઠા અગરીયાઓને સોલાર પેનલ અને પાણીના ટાંકા સાથેના પોર્ટેબલ આવાસ પૂરા પાડવાનું આયોજન
- મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના: બાંધકામ શ્રમિકની દીકરીના નામે રૂ. ૨૫,૦૦૦ ના બોન્ડ (FD) ૧૮ વર્ષની મુદત માટે આપવામાં આવે છે, જેના માટે બજેટમાં રૂ. ૨ કરોડની જોગવાઈ
- શ્રમિક પરિવહન યોજના: શ્રમિકોને કડિયાનાકાથી કામના સ્થળે જવા માટે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં મ્યુનિસિપલ બસ પાસના ખર્ચમાં ૮૦ ટકા સહાય
- ITI ઈન્ફ્રાસ્ટ્રક્ચર: રાજ્યની ૧૬ આઈ.ટી.આઈ. ની નવી બિલ્ડિંગના બાંધકામ માટે રૂ. ૯૭ કરોડ અને માળખાકીય સુવિધાઓના મજબૂતીકરણ માટે રૂ. ૬૪ કરોડની જોગવાઈ
- શ્રમ સેતુ પોર્ટલ: શ્રમિકોની ગ્રેચ્યુઈટી અને ઔદ્યોગિક વિવાદોની અરજીઓ ઓનલાઈન ઉકેલવા માટે 'કેસ એન્ડ ક્લેઈમ મેનેજમેન્ટ મોડ્યુલ' વિકસાવાયું
- અંત્યેષ્ઠિ સહાય: અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓની મરણોત્તર ક્રિયા માટે રૂ. ૧૦,૦૦૦ની સહાયની જોગવાઈ
- સામાજિક સુરક્ષા: અકસ્માત મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં અસંગઠિત શ્રમયોગીઓને રૂ. ૪ લાખ સુધીની સહાય

આમ, શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજી બાવળિયા દ્વારા રજૂ કરવામાં આવેલી વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટેની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

# ગાંધીનગરની બીબીએ કોલેજ દ્વારા અલ્યૂમિની મીટનું આયોજન

કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયસંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન મ્મ્છ7 દ્વારા ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમા ૨૫૦ જેટલા ભૂતપુર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રર્મની શરૂઆત યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ.પટેલ શુભેચ્છા સંદેશ સાથે થયો હતો. કોલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિના ઉદબોધન સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં અવી હતી જેમાં તેઓએ સંસ્થા તેમજ યુનીવર્સીટી અને કોલેજ દ્વારા કરવામાં અવી રહેલ મહત્વપૂર્ણ કાર્યો અને ભાવી આયોજનો બાબતે જણાવ્યું હતું. તેમજ તેઓ એ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનેઆવકાર્યા હતા તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સર્વવિદ્યાલય કેળવણીમંડળનાં વિકાસમાં પણ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનો સિંહ ફાળો છે.તેમજ યૂનિવર્સિટીની સીદ્ધીઓ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો.તેમણે ભૂતપુર્વ વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીને સફળ બનાવવામાં કોલેજ હંમેશા મદદરૂપ થશે તેમ જણાવ્યુ હતુ.અને તેઓના ઉજ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.ત્યારબાદ ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના દ્વારા ઉપસ્થિત તમામ ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.તેઓએ પાસંગિક સંબોધનમા પૂર્વ વિદ્યાર્થીઓનેકોલેજની વિવિધ પ્રવૃતિઓથી વાકેફ કર્યા હતા વધુમાં તેઓ એ જણાવ્યુ હતુ કે ગુજરાતની એક માત્ર કોલેજ છે. જે ૨૪ વર્ષ પહેલા ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ સાથે આટલા મોટા પ્રમાણમાં સંપર્કમાં છે. તેમજ કોલેજ દ્વારા હંમેશા પ્લેસમેંટનું આયોજન કરી અનેક વિદ્યાર્થીઓને પ્લેસમેંટ અપાવવા સતત પ્રયત્નશીલ રહે છે. આચાયશ્રી અને ઉપાચાયશ્રી જેઓ ૧૯૯૮ અને ૧૯૯૯ ના વર્ષથી સંસ્થા સાથે જોડાયેલા છે તેઓ ૨૦૦૨ થી લઈ ૨૦૨૬ સુધીનાં ઉતીર્ણવિદ્યાર્થીઓની ઉપસ્થિતિ માટે કડી રૂપ બન્યા હતા. તેમણે કાર્યક્ર્મનાં ઉદેશ્ય બાબતે જણાવ્યુ હતુકે પ્લેસમેંટ, ઈન્ટેન્શીપ, આન્ત્રપેન્યોરસેલ, ઈંડસ્ટ્રિયલ વિઝિટ સહિતની બાબતો પર કોલેજ વિશેષ ભાર મૂકે છે.જેથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકે.સ્નેહમિલન થકી પ્રસ્થાપિત થતા નવા સબંધોથી ભૂતપુર્વ વિદ્યાર્થીઓએકબીજા સાથે ધંધાકીય સબંધો પ્રસ્થાપિત કરી રોજગારીની તકો વધારી શકે છે.કોલેજ દ્વારા વર્ષ દરમ્યાન ભૂતપુર્વ વિદ્યાર્થીઓને કોલેજની અનેકવીધ વિદ્યાર્થી વિકાસ પ્રવૃતિઓમાં સામેલ કરવામાં આવે છે જેમાં અલ્યૂમિની એક્સપર્ટ લેક્ચર્સ નો સમાવેશ પણ થાયછે અત્રે કોલેજ દ્વારા ૩૦ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ તેમજ ઉધોગસાહસિક જેઓએ સંસ્થા નાં વિવિધ વિદ્યાર્થીલક્ષી કાર્યોમાં સહયોગ કર્યો છે તેમજ કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓએ વ્યક્તિગત રીતે સિદ્ધિ મેળવી છે તેઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ જેમાં ડૉ.આશિષ રામી- શિક્ષણ ક્ષેત્ર ડીન, ફેકલ્ટી ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ,સ્વામિનારાયણ યુનિવર્સિટી, સત્ય મહેતા, CEO અનેમેનેજિંગ ડિરેક્ટર રૂમ્પે પ્રાઈવેટ લિમિટેડસ્ટાર્ટઅપ ઈનોવેશન ક્ષેત્ર,દેવલ પટેલ સહ-સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર રૂમ્પે પ્રાઈવેટ લિમિટેડ સ્ટાર્ટઅપ ઈનોવેશન ક્ષેત્ર ,શ્રી સિદ્ધાર્થ વી. ધાધલ, માર્કેટિંગ મેનેજરપંજાબ નેશનલ બેંક,શ્રી જય સુથાર માલિક, સિનેર્જી ફ્યુચરકોર્પ Pvt Ltd, શ્રી ધ્રુવિન દવે, એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ,શ્રી જોન હિમાની સ્થાપક અને પ્રિન્સિપલ કન્ડક્ટર વિટો જોન ટ્રોય

## બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન BBA દ્વારા ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્નેહમિલનનું અદભુત આયોજન



,શ્રી બિરેન રાવ જે. કે. સેલ્સ,શ્રી આશિષ પટેલ માલિક, HR કન્સલ્ટન્સી,શૈલી સિંહ બિઝિવર્સ પ્રાઈવેટ લિમિટેડ,શ્રી યજ્ઞેશ પટેલ સેક્રેટરી, APMC ,શ્રી ઓમકાર પાંડે સ્વસ્તિક ઈન્શ્યોરન્સ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસિસ,શ્રી નાથુસંગ અમૃતજી સોલંકી,સ્વસ્તિક ઈન્શ્યોરન્સ એન્ડ ફાઈનાન્સિયલ સર્વિસિસ,શ્રી હાર્દિક સુખડિયા ઓનર , મમ મમ સ્વીટ્સ,ડૉ. આશિષ ભુવા શિક્ષણ ક્ષેત્ર,હેતલ કાનોજિયા સંશોધન અને કારકિર્દી વિકાસ,હેતલ ભારદા વેચાણ અને માર્કેટિંગ,આદિત્ય અહિર પ્રોજેક્ટ લીડરશિપ અને નવીનતા,સાગર પ્રધાનાની શિક્ષણ ક્ષેત્ર, જય લીમ્બાચિયા ઈવેન્ટ મેનેજમેન્ટમાં ઉદ્યોગસાહસિકતા,સ્મિત શાંખલા વ્યાવસાયિક અભ્યાસ (CMA),હાર્દિકસિંહ ચુડાસમા સામાજિકસેવા વસાણી પોલિમર્સ Pvt Ltd,લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC),બિઝિવસ Pvt Ltd,શ્રી અરુણ ચૌબે સર્ટિફાઈડ NISM ટ્રેનર,એવરેસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ Pvt Ltd. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ કોલેજને વિદ્યાર્થીઓનાં વિકાસ માટેનાં કાર્યમાં મદદરૂપ થઈ રહ્યાછે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સતત વિકાસલક્ષી કાર્ય માટે સંપર્કમાં રહેવા માટે કોલેજનાં સ્થાપના વર્ષ ૧૯૯૯થી લઈ અને ગત વર્ષે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.જે કોલેજ પ્રત્યેની તેમની ઉચ્ચભાવના દર્શાવે છે.આ ભૂતપૂર્વવિદ્યાર્થીઓ આજે પોતની કારકિર્દીની શરૂઆત કરી ચૂક્યાછે. અનેઅનેક વિદ્યાર્થીઓ આજે સફળ સરકારી અધીકારીઓ, બેંક, મલ્ટીનેશનલ કંપનીઓ, તેમજ સફળ વ્યાવસાઈક સેવાઓ જેવીકે CA, CS, ICWA. બની સમાજમાં સેવા આપી રહ્યાછે. તદઉપરાંત ધંધાકીય ક્ષેત્રે, ઔધોગીકક્ષેત્રે પણ બીબીએનાં વિદ્યાર્થીઓ ખૂબ મહત્વનુંપ્રદાન કરી રહ્યાછે. જે બાબતનુ કોલેજને ગૌરવછે.ભૂતપુર્વ વિદ્યાર્થીઓ દ્વારા તેમના અભિપ્રાયમાં જણાવ્યુ હતુ.કે કોલેજનો તેઓનાં વિકાસમાં મહામૂલો ફાળો છે.જેને તેઓ હંમેશા યાદ રાખશે તેમજ કોલેજ જ્યારેપણ અમને કોઈપણ કાર્યમાટે યાદ કરશે ત્યારે અમે ચોક્કસ યથાશક્તિ સેવા આપીશુ. ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્વાગત માટે બીબીએનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતીક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.જેને તમામ લોકોએ ખૂબ બિરદાવ્યો હતો.

કાર્યક્રમના મેનેજમેન્ટમાં બીબીએનાં વિદ્યાર્થીઓ પણ સામેલ હતા.જે તેમના માટે ટ્રેનીગનો જ એક ભાગ કહી શકાય.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડૉ.આશિષ ભૂવા દ્વારા કરવામાં આવ્યુંહતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ કાર્યક્રમનાં સંયોજક ડૉ.જયેશ તન્ના તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

## ભરૂચ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મીડિયા વિભાગમાં બ્રિજેશ પટેલની સહ સંયોજક તરીકે નિમણૂંક કરાઈ

કમલમ્,

ભરૂચ જિલ્લા ભારતીય જનતા પાર્ટીની નવી ટીમમાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી અને ૮ મંત્રીઓની વરણી કરવામાં આવી છે. ઉપરાંત ભાજપના વિવિધ મોરચાઓના પ્રમુખોની પણ જાહેરાત કરવામાં આવી છે. જેમાં ભરૂચ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મીડિયા વિભાગમાં નેત્રંગ તાલુકા બ્રિજેશકુમાર ભરતભાઈ પટેલની સહ સંયોજક તરીકેનિમણૂંક કરવામાં આવી છે. જે તબક્કે નેત્રંગ તાલુકા પંચાયત કચેરી ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશભાઈ મોદી, ધારાસભ્ય રીતેશભાઈ વસાવા, નવનિયુક્ત જિલ્લા મહામંત્રી જીગ્નેશભાઈ મિસ્ત્રી, પરેશભાઈ પટેલ, ઉપપ્રમુખ મનોજભાઈ મહેતા, મંત્રી ભગુભાઈ ચૌધરી, ભાવનાબેન પંચાલ, જિલ્લા પંચાયત સભ્ય વર્ષાબેન દેશમુખ, બાંધકામ સમિતિના ચેરમેન રાયસીંગભાઈ





વસાવા, નેત્રંગ તાલુકા પંચાયત પ્રમુખ વસુધાબેન મનોજભાઈ વસાવા, ઉપપ્રમુખ નિતેશભાઈ પરમાર, ઝઘડિયા તાલુકાપંચાયત પ્રમુખ જયેન્દ્રભાઈ વસાવા, વાલિયા તાલુકા પંચાયત પ્રમુખ સીતાબેન વસાવા, ઉપપ્રમુખ દિનેશભાઈ વસાવા નેત્રંગ તાલુકા સંગઠનપ્રમુખ મનસુખભાઈ વસાવા, મહામંત્રી રવેશભાઈ વસાવા, ઉપપ્રમુખ સુશીલાબેન વસાવા, વાલિયા સંગઠન મહામંત્રી રતિલાલભાઈ વસાવા, સરપંચ હરેન્દ્રસિંહ દેશમુખ, ગૌતમભાઈ વસાવા, માજી સરપંચ બાલુભાઈ વસાવા, પ્રકાશભાઈ વસાવા સહિત નેત્રંગ તાલુકાના સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચમિત્રો અને કાર્યકરોએ અભિનંદન પાઠવ્યા.

# ગૃહ વિભાગ એ ગુજરાતની ઢાલ છે, જયારે ન્યાયતંત્ર એ રાજદંડ છે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

## ગૃહ વિભાગ અને કાયદા-ન્યાયતંત્ર વિભાગોની મળી કુલ ૧૬,૯૬૭ કરોડની અંદાજપત્રિય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર



કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત વિધાનસભામાં ગૃહ, જેલ, કાયદા અને ન્યાય વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો ધારદાર જવાબ આપતા રાજ્યની સુરક્ષા અને સુશાસન અંગે સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે વિપક્ષના પાયાવિહોણા આક્ષેપોનો જડબાતોડ જવાબ આપતા વિભાગોની સિદ્ધિઓના આંકડા રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિકાસની ઈમારત હંમેશા કાયદો અને વ્યવસ્થાના મજબૂત પાયા પર જ ઊભી રહી શકે છે. આ અંદાજપત્રમાં ગૃહ વિભાગ માટે ૧૪,૨૬૫ કરોડ અને કાયદા-ન્યાયતંત્ર માટે ૨,૭૦૨ કરોડ મળી કુલ ૧૬,૯૬૭ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. આ ફાળવણી ગુજરાતના નાગરિકોના નિર્ભય જીવન અને મહિલાઓના સન્માનનો જીવંત દસ્તાવેજ છે. શ્રી સંઘવીએ ઉમેર્યું કે, "ગૃહવિભાગ એ ગુજરાતની ઢાલ છે, જ્યારે ન્યાયતંત્ર એ રાજદંડ છે." શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકારનો મંત્ર સ્પષ્ટ છે: ગુનેગારો માટે ઝીરો ટોલરન્સ અને સામાન્ય નાગરિક માટે ત્વરિત ન્યાય. 'BHARAT' (B.H.A.R.A.T.) વિઝન અંતર્ગત રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને છ મુખ્ય સ્તંભો દ્વારા વધુ આધુનિક અને સુદ્રઢ બનાવવામાં આવી રહી છે તેમ જણાવતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ વ્યૂહરચના હેઠળ Border, Coastal & Cyber Secuiy ને પ્રાધાન્ય આપી પાકિસ્તાન સાથેની ૫૧૨ કિમીની આંતરરાષ્ટ્રીય સીમા અને ૨૩૦૦ કિમી લાંબા દરિયાકિનારે અત્યાધુનિક સર્વેલન્સ સિસ્ટમ તૈનાત કરાશે. શ્રી સંઘવીએ કહ્યું કે High-Tech Infrastructure & Human Resources અંતર્ગત પોલીસપરિવારો માટે નવા આવાસોનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત, Action Against Terror, Drugs & Mafia હેઠળ ડ્રગ્સમાફિયાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી કરોડોનું ડ્રગ્સ ઝડપાયું છે. આ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું કે બીજા તબક્કામાં ટેકનોલોજી અને ઝડપી ન્યાય પ્રણાલી પર ભાર મુકતા Rapid Response, Rescue & Readiness ના પરિણામે 'ડાયલ ૧૧૨ જન રક્ષક' પ્રોજેક્ટથી પોલીસનો રિસ્પોન્સ ટાઈમ ઘટીને માત્ર ૧૧ મિનિટ ૨૩ સેકન્ડ થયો છે. Accessible & Acceleaed Justice સ્તંભ હેઠળ ફાસ્ટ-ટ્રેક પોક્સો કોર્ટોની સ્થાપના અને લોક અદાલતો દ્વારા ૧ કરોડથી વધુ કેસોના નિકાલ સાથે ન્યાયિક પ્રક્રિયાને વેગ અપાયો છે. Technology-Driven Policing & Tracing ના ભાગરૂપે 'VISWAS' પ્રોજેક્ટ અને આધુનિક શસ્ત્રોથી પોલીસ દળને સજ્જ કરવામાં આવ્યું છે. આમ, આ છ સ્તંભોના સમન્વયથી ગુજરાત દેશનું સુરક્ષા કવચ બની વડાપ્રધાનશ્રીના 'નવા ભારતના સપના'ને સાકાર કરી રહ્યું છે.

**ઇતિહાસમાં પ્રથમવાર ગુજરાતમાં પોલીસ પરિવારો માટે એકસાથે ૨૦,૪૦૦થી વધુ નવા આવાસોને મંજૂરી**

દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાતમાં પોલીસ પરિવારો માટે એકસાથે ૨૦,૪૦૦થી વધુ નવા આવાસોને મંજૂરી આપવામાં આવી છે તેમ જણાવતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે પોલીસ કોન્સ્ટેબલ અને જેલ સિપાહીઓ માટેના જૂના 1-BHK મકાનોના નિયમને બદલીને હવે સુવિધાયુક્ત 2-BHKના આવાસો આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. પોલીસ આવાસ નિગમ દ્વારા અત્યાર સુધીમાં પોલીસ પરિવારોને ૪૫,૦૦૦થી વધુ આવાસો સોંપી દેવાયા છે. હાલે રૂ. ૨,૬૦૪ કરોડના ખર્ચે નવા ૮,૧૦૪ આવાસો તૈયાર થઈ રહ્યા છે.

**આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ: ATS દ્વારા ૨૯ આતંકીઓની ધરપકડ**

ગુજરાત પોલીસે અને એન્ટી ટેરરિસ્ટ સ્કવોર્ડની સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૬ સુધીમાં ગુજરાત એટીએસ (ATS) એ દેશવિરોધી ષડયંત્રોનો પર્દાફાશ કરી કુલ ૨૯ જેટલા કટ્ટરપંથીઓ અને આતંકીઓની ધરપકડ કરી છે. જેમાં અલ-કાયદાનું ફંડિંગ નેટવર્ક, પોરબંદર-સુરતનુ ISKP મોડ્યુલ અને શ્રીલંકન આતંકીઓનો સમાવેશ થાયછે. ખાસ કરીને, અયોધ્યા રામ મંદિર પર હુમલાનું કાવતરું રચનાર આતંકીને હરિયાણાથી જીવતા ગ્રેનેડ સાથે પકડી પાડી ગુજરાત પોલીસે પોતાની એલર્ટનેસ સાબિત કરીછે. આ જ ATS દ્વારા જાન્યુઆરી-૨૦૨૬ માં જૈશ-એ-મોહમ્મદની વિચારધારા ધરાવતા શખ્સની ધરપકડ કરી ટાર્ગેટેડ કિલિંગનું કાવતરું નિષ્ફળ બનાવવામાં આવ્યુ છે.

**અસમાજિક તત્વો તેમજ ભૂમાફિયાઓ પર 'દાદાનું બુલડોઝર': ૨,૨૪૬ કરોડની સરકારી જમીન મુક્ત**

નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીએ સ્પષ્ટશબ્દોમાં કહ્યું કે, આ શાંત અને સુરક્ષિત રાજ્યમાં દયા અને દાદાગીરી બંને એકસાથે નહીં ચાલે. રાજ્યમાં ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો સામે દાદાનું બુલડોઝર તો ફરશે જ. રાજ્યના માત્ર ૬ જિલ્લાઓ દેવભૂમિ દ્વારકા, કચ્છ, સોમનાથ, જામનગર, જુનાગઢ અને દાહોદમાં જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં ૭,૯૦૨ ગેરકાયદે સાઈટ્સ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુંછે. આ કામગીરી દ્વારા ૧,૮૦૭ હેક્ટર જમીન દબાણમુક્ત કરાઈ છે, જેની બજાર કિંમત ૨,૨૪૬.૫૫ કરોડ થાય છે. કચ્છમાં સૌથી વધુ ૧,૩૫૫ કરોડની જમીન અને ગીરસોમનાથમાં ૩,૦૧૦ સાઈટ્સ પર ડિમોલિશન કરી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરાઈ છે. તે ઉપરાંત અમદાવાદનું ચંડોળા હોય કે રાજકોટનું જંગલેશ્વર ગેરકાયદેસર પચાવી પાડેલી આ જમીનો ઉપરના વિસ્તારો ગુનાખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિના અડ્ડા બની ચૂક્યા હતા. હવે આ કીમતી જમીનો ખાલી થતા ત્યાં નાગરિકોને ઉપયોગી સુવિધાઓ અને શહેરી વિકાસના મોટા પ્રોજેક્ટ લોકોને મળશે.

**ડ્રગ્સ માફિયાઓની કમર તોડતી ગુજરાત પોલીસ**

ગુજરાતમાં નાના બાળકો ડ્રગ્સના રવાડે ચડ્યા હોવાના ખોટા આક્ષેપોનો જવાબ આપતા શ્રી સંઘવીએ કહ્યું કે, રાજકીય ટીકાના ઉન્માદમાં ગુજરાતને બદનામ કરવાનું બંધ કરો. સાત વર્ષના બાળકો ડ્રગ્સના રવાડે ચડ્યા છે તે પ્રકારના નિવેદન વિપક્ષે સમજી વિચારીને આપવું જોઈએ. આ મુદ્દે રાજકારણ કરવું ન જોઈએ તે આપણી સામાજિક જવાબદારી છે. આવી નિવેદનબાજી ગુજરાત રાજ્યને બદનામ કરવાનું ષડયંત્ર છે. અત્યાર સુધીમાં NDPS એક્ટ હેઠળ ૧૪ હજાર કરોડથી વધુ કિંમતનું ૧ લાખ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. જેમાં ૪૩૧૬ ડ્રગ્સ માફિયા અને પેડલરોનેજેલ ભેગા કરવામા આવ્યા છે. ડ્રગ્સ નેટવર્ક તોડવા માટે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) ના ૬ ઝોન કાર્યરત કરાયા છે.

**સીમા સુરક્ષા અને ઘૂસણખોરો સામે કડક કાર્યવાહી**

ગુજરાતની ૫૧૨ કિમી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ અને ૨,૩૦૦ કિમી લાંબા દરિયાકિનારાની સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશી ઘૂસણખોરોને વીણી-વીણીને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા ચાલુ છે. શ્રી સંઘવીએ કહ્યું કે, "હમારી શરાફત કો હમારી કમજોરી મત સમજના", જો કોઈએ ગુજરાતની સરહદ તરફ મેલી આંખ કરી તો પોલીસ તેની આંખ કાઢી લેવાની તાકાત રાખે છે. રાષ્ટ્રની સુરક્ષા માટે વોટબેંકની રાજનીતિ કરવા વાળા હવે ગયા, આ સરકાર ઘૂસણખોર બાંગ્લાદેશીઓને શોધી શોધીને કડક લુકઆઉટ નોટિસ અને ડિપોર્ટેશનની કામગીરી કરી રહી છે.

**પોક્સો એક્ટ હેઠળ છેલ્લા ચાર વર્ષમાં ૯૦૭ ગુનેગારોને આજીવન કેદ અને ૧૪ અત્યંત ગંભીર કિસ્સાઓમાં ફાંસીની સજા**

દીકરીઓની સુરક્ષા અંગે વાત કરતા નાયબ મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે દીકરીઓની સુરક્ષા એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાઓમાં ઝડપી તપાસ અને કડક સજા અપાવવાની દિશામાં ગુજરાત પોલીસે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૬ દરમિયાન ૨૮૬ કેસોમાં માત્ર ૧૫ દિવસની અંદર અને ૧,૨૯૫ કેસોમાં ૧૫થી ૩૦ દિવસના ટૂંકા ગાળામાં તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કુલ ૧,૪૩૯ કેસોમાં કોર્ટ દ્વારા સજા ફટકારવામાં આવી છે, જેમાં ૯૦૭ અપરાધીઓને આજીવન કેદ અને ૧૪ નરાધમોને ફાંસીની સજા અપાવી ગુજરાત પોલીસ દેશમાં ન્યાયનું ઉત્કૃષ્ટ રોલ મોડલ બન્યુંછે. શ્રી સંઘવીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના 'સૌને સમયસર ન્યાય'ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. બાળકો વિરુદ્ધના ગુનાઓમાં કાનૂની અને ભાવનાત્મક સહાય માટે દેશમાં પ્રથમવાર 'પેરા લીગલ વોલેન્ટિયર્સ' (PLVs) ની નિમણૂક કરવામાં આવશે. રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ૧૮ નવી એક્સ્ક્લુઝીવ ફાસ્ટ-ટ્રેક પોક્સો કોર્ટની સ્થાપના અને છેવાડાના માનવીને ઘરઆંગણે ન્યાય મળે તે હેતુથી મેઘરજ, ઘોઘંબા, કોડિનાર અને અબડાસા ખાતે નવી સિનિયર સિવિલ જજ કોર્ટ શરૂ કરાશે. ગૃહ વિભાગ અને કાયદા-ન્યાયતંત્ર વિભાગોની મળી કુલ ૧૬,૯૬૭ કરોડની અંદાજપત્રિય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી.

